GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* ''માં'' કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ ચોથ શનિવાર ૭ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૩

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# રશિયન તેલ માટે ભારતને 30 દિવસની છૂટઃ અમેરિકા

## સમુદ્રમાં અટકી પડેલા રશિયન ઓઇલની ભારતે ખરીદી શરૂ કરી

**ભારતીય** રિફાઇનરીઓએ બે કરોડ જેટલા બેરલનો સોદો કરી નાખ્યો

**હાલ બિન**-પ્રતિબંધિત કંપનીઓનું જ ઓઇલ ખરીદાય છે, અમેરિકાએ પ્રતિબંધિત કંપનીઓ પાસેથી પણ ઓઇલ ખરીદવાની છૂટ આપી છે કે નહી તેની ચાલતી તપાસ

**નવી દિલ્હી, તા. 6(PTI):** અમેરિકાએ દરિયામાં અટવાયેલા રશિયન ઓઈલના કાર્ગો ખરીદવા માટે આપેલી છૂટછાટ બાદ ભારતીય રિફાઇનર્સ એશિયાના સમુદ્રમાં તરતા લાખો બેરલ રશિયન તેલની ખરીદી શરૂ કરી છે. જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મુક્તિ હેઠળ પ્રતિબંધિત કંપનીઓ પાસેથી તેલ ખરીદી શકાય કે નહીં તે અંગે રિફાઇનર્સ કાયદાકીય અભિપ્રાય માંગી રહ્યા છે.

વૈશ્વિક પુરવઠો જળવાઈ રહે અને તેલના ભાવમાં વધારો ન થાય તેવા પ્રયાસરૂપે અમેરિકાએ ભારતને હાલમાં દરિયામાં અટવાયેલું રશિયન તેલ ખરીદવા માટે 30 દિવસની છૂટ આપી છે. જાણકારોએ જણાવ્યું હતું કે ભારતીય રિફાઇનર્સે રશિયન તેલના આશરે 2 કરોડ બેરલનો સોદો કર્યો છે, જે મોટે ભાગે બિન-પ્રતિબંધિત કંપનીઓ પાસેથી લેવામાં આવ્યું છે. કંપનીઓ હવે એ જાણવા માંગે છે કે શું આ છૂટછાટ હેઠળ પ્રતિબંધિત કંપનીઓ પાસેથી પણ તેલ ખરીદવાની પરવાનગી છે કે નહીં.

મધ્ય પૂર્વમાંથી સપ્લાય ખોરવાતા, અમેરિકાની છૂટછાટ મળે તે પહેલાં જ ભારતે રશિયન તેલ ખરીદવાનું શરૂ કરી દીધું હતું. 2022માં યુક્રેન પર

...અનુસંધાન પાના 11 પર

### રશિયન ઓઇલ બાબતે ભારતને અમેરિકાની છૂટથી રાજકીય વિવાદ

**નવી દિલ્હી.** અમેરિકાએ રશિયન તેલ ખરીદવા માટે ભારતીય રિફાઇનરીઓને કામચલાઉ છૂટ આપવાની જાહેરાત કર્યા બાદ, શુક્રવારે વિરોધ પક્ષોએ સરકાર પર રાજદ્વારી ક્ષેત્રે પછડાટ ખાવાનો આરોપ લગાવ્યો હતો. બીજી તરફ, સત્તારૂઢ ભાજપે આ પગલાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની વ્યૂહાત્મક તેલ મુત્સદ્દીગીરીની સફળતા ગણાવી વધાવ્યું હતું. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે ભારતની વિદેશ નીતિ એક બાંધછોડનો ભોગ બનેલ વ્યક્તિના શોષણનું પરિણામ છે. જે વડાપ્રધાન મોદી પર સીધો હુમલો હતો. કોંગ્રેસ અને તેના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સરકારની વિદેશ નીતિ પર આકરા પ્રહારો કર્યા હતા અને સરકાર સતત રાજદ્વારી સ્વાયત્તતા ગુમાવી રહી છે તેમ જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, ભારતની વિદેશ નીતિ આપણા લોકોની સામૂહિક ઈચ્છાશક્તિમાંથી ઉદભવે છે. તે આપણા ઇતિહાસ, ભૂગોળ અને સત્ય તથા અહિંસા પર આધારિત આપણી આધ્યાત્મિક નૈતિકતામાં મૂળ ધરાવતી હોવી જોઈએ. આજે આપણે જે જોઈ રહ્યા છીએ તે નીતિ નથી, પરંતુ એક લાચાર વ્યક્તિના શોષણનું પરિણામ છે. ગાંધીએ લોકસભામાં આપેલું તેમનું 11 ફેબ્રુઆરીનું ભાષણ પણ શેર કર્યું હતું, જેમાં તેમણે ભારતની ઊર્જા સુરક્ષા સાથે સમજૂતી કરવામાં આવી રહી હોવાની વાત કરી હતી. વિરોધ પક્ષના આરોપોને ફગાવતા સરકારે જણાવ્યું હતું કે, ભારત રશિયન તેલ ખરીદવા માટે ક્યારેય કોઈ દેશની પરવાનગી પર નિર્ભર નથી. અમેરિકી છૂટછાટે માત્ર ઘર્ષણ દૂર કર્યું છે, પરંતુ તે દેશની નીતિ નક્કી કરતું નથી. ભાજપે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર તેલની અછત અંગે ફેક ન્યૂઝ ફેલાવીને ગભરાટ પેદા કરવાનો આરોપ લગાવ્યો હતો. કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને તેને આઘાતજનક ગણાવતા કહ્યું કે આયાત જેવા નિર્ણયો માટે ભારતને અમેરિકાની મંજૂરીની જરૂર પડે તે અયોગ્ય છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને પણ સવાલ ઉઠાવ્યો હતો કે ભારતને પોતાની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે બીજા દેશની મંજૂરીની જરૂર કેમ પડવી જોઈએ?

**યુદ્ધને** કારણે ઓઇલનો પુરવઠો બાધિત થતા ભારતને અપાયેલી હંગામી છૂટ

**આનાથી** રશિયન સરકારને કોઇ નોંધપાત્ર આર્થિક લાભ થશે નહીં તેમ જણાવતા અમેરિકી નાણા મંત્રી

**ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. 6 (PTI):** ઈરાન સાથે વધતા જતા સંઘર્ષની વચ્ચે, અમેરિકાએ જણાવ્યું છે કે તે ભારતીય રિફાઇનરોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપવા માટે હંગામી 30-દિવસની છૂટનો સમય આપી રહ્યું છે.

નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે ગુરુવારે જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પના એનર્જી એજન્ડાના પરિણામે તેલ અને ગેસનું ઉત્પાદન અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યું છે. વૈશ્વિક બજારમાં તેલનો પ્રવાહ ચાલુ રાખવા માટે, ટ્રેઝરી વિભાગ ભારતીય રિફાઇનરોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપવા માટે કામચલાઉ 30-દિવસની છૂટ આપી રહ્યું છે. તેમણે કહ્યું કે આ જાણી જોઈને લેવાયેલ ટૂંકા ગાળાનું પગલું રશિયન સરકારને કોઈ નોંધપાત્ર આર્થિક લાભ પૂરો પાડશે નહીં, કારણ કે તે માત્ર એવા જ વ્યવહારોને અધિકૃત કરે છે જેમાં તેલ પહેલેથી જ

...અનુસંધાન પાના 11 પર

### રશિયન તેલની ખરીદી માટે ભારતને કોઈની મંજૂરીની જરૂર નથીઃ સરકાર

**નવી દિલ્હી.** ભારતે રશિયન તેલ ખરીદવા માટે ક્યારેય કોઈ દેશની મંજૂરી પર નિર્ભરતા રાખી નથી. અમેરિકી પ્રતિબંધોમાં મળેલી તાજેતરની છૂટછાટ માત્ર વ્યવહારિક સરળતા લાવે છે, પરંતુ તે ભારતની વિદેશ નીતિ નક્કી કરતી નથી. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ વિપક્ષના આરોપોને ફગાવતા આ સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધ બાદ અમેરિકાના વિરોધ છતાં ભારત રશિયા પાસેથી તેલ ખરીદતું રહ્યું છે અને તેમાં વધારો પણ કર્યો છે. કેન્દ્ર સરકારનો દરેક ભારતીય પરિવારને સ્પષ્ટ સંદેશ છે કે દેશનો ઇંધણ પુરવઠો સંપૂર્ણ સુરક્ષિત છે. અધિકારીએ

...અનુસંધાન પાના 11 પર

### રશિયન તેલ તો મળશે, પણ હવે ડિસ્કાઉન્ટનો જમાનો ગયો!

**પ્રીમિયમ ભાવે રશિયન ઓઈલ ખરીદવા ભારત મજબૂર**

અગાઉ રશિયા ભારતને પ્રતિ બેરલ $13 સુધીનું મોટું ડિસ્કાઉન્ટ આપતું હતું. જોકે, નવા અહેવાલ મુજબ, હવે રશિયન યુરાલ ઓઈલ બ્રેન્ટ ક્રૂડની સરખામણીએ $4 થી $5 પ્રતિ બેરલના પ્રીમિયમ (વધારે કિંમત) પર વેચાઈ રહ્યું છે. પશ્ચિમ એશિયા (ખાસ કરીને ઈરાન)માં તણાવને કારણે સપ્લાય ખોરવાયો છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલના ટેન્કરો ફસાયેલા હોવાથી ભારતને તાત્કાલિક તેલની જરૂરિયાત છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી કંપનીઓ રશિયન વેપારીઓ સાથે તાત્કાલિક ડિલિવરી માટે વાતચીત કરી રહી છે. અત્યાર સુધીમાં અંદાજે 2 કરોડ બેરલ તેલના સોદા થયા હોવાનું મનાય છે.

## મધ્ય-પૂર્વમાં વકરતું યુદ્ધઃ ચાલુ રહેલા સામસામા હુમલા



**ઇરાને** અનેક અખાતી દેશો પર ડ્રોન અને મિસાઇલો છોડ્યા

**ઇઝરાયેલે** તહેરાન અને બૈરૂતને નિશાન બનાવ્યા

દુબાઇ, તા. ૩: મધ્ય પૂર્વમાં યુદ્ધ વધુ વકરી રહ્યું છે, જેમાં ઈરાને ગલ્ફ દેશો પર તેના હુમલા ચાલુ રાખ્યા છે અને શુક્રવારે વહેલી સવારે ઈઝરાયેલે તેહરાન અને બેરૂત પર હવાઈ હુમલાઓ કર્યા હતા.

બોમ્બમારાના આખા અઠવાડિયાના અંતે ઈરાને નવા વળતા હુમલાઓ કર્યા છે, જેના વિશે અમેરિકાના સેક્રેટરી ઓફ વોર પીટ હેગસેથે ચેતવણી આપી હતી કે તે 'નાટકીય રીતે વધવા જઈ રહ્યું છે'. ઈસ્લામિક રિપબ્લિકે (ઈરાન) શપથ લીધા હતા કે તેના એક યુદ્ધ જહાજને ડૂબાડી દેવા બદલ અમેરિકાએ 'ખૂબ પસ્તાવો' કરવો પડશે, અને આ સાથે જ તેણે તેના આરબ પડોશી દેશો પર સેંકડો ડ્રોન અને મિસાઈલો છોડી હતી. દરમિયાન, ઈઝરાયેલની સેનાએ શુક્રવારે સવારે જણાવ્યું હતું કે તેણે ઈરાનની રાજધાની તેહરાન પર 'વ્યાપક સ્તરે હુમલાની લહેર' શરૂ કરી દીધી છે. પ્રત્યક્ષદર્શીઓએ ઈઝરાયેલના આ હવાઈ હુમલાઓને અત્યંત તીવ્ર ગણાવ્યા હતા, જેના કારણે આસપાસના ઘરો ધ્રૂજી ઉઠ્યા હતા. અન્ય લોકોએ ઈરાની શહેર કરમાનશાહની આસપાસ વિસ્ફોટો થયા હોવાનું જણાવ્યું હતું, જે વિસ્તાર અનેક મિસાઈલ બેઝ ધરાવે છે. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે આ હુમલાઓએ ઈરાનના મોટાભાગના એર ડિફેન્સ અને મિસાઈલ લોન્ચર્સને પહેલેથી જ નષ્ટ કરી દીધા છે.

આ યુદ્ધ હવે મધ્ય પૂર્વના દેશો અને તેની બહાર પણ ફેલાઈ રહ્યું છે. શુક્રવારે વહેલી સવારે, ઈરાને કુવૈત, કતાર, સાઉદી અરેબિયા અને બહેરીન પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા, આ તમામ દેશોમાં અમેરિકી દળો તૈનાત છે. જો કે, જાનહાનિના કોઈ સમાચાર નથી.

### આસામમાં સુખોઈ ફાઈટર જેટ ક્રેશઃ બંને પાયલટનાં મૃત્યુ

**નવી દિલ્હી, તા. 6 (PTI):** આસામના કાર્બી આંગલોંગ જિલ્લામાં ભારતીય વાયુસેનાનું સુખોઈ-30 એમકેઆઈ (એસયુ-30 એમકેઆઈ) ફાઈટર જેટ દુર્ઘટનાગ્રસ્ત થતા બે પાયલોટ શહીદ થયા છે. વાયુસેનાએ શુક્રવારે સત્તાવાર રીતે સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફલાઇટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરગકરના મોતના સમાચારની પુષ્ટિ કરી છે. રશિયન બનાવટનું આ વિમાન ગુરુવારે જોરહાટ એરબેઝ પરથી તાલીમ ઉડાન ભર્યા બાદ ગુમ થયું હતું. વાયુસેનાએ એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ભારતીય વાયુસેના સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફલાઇટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરગકરના નિધન પર ઊંડો શોક વ્યક્ત કરે છે. વાયુસેનાના તમામ જવાનો શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે અને આ મુશ્કેલ સમયમાં તેમની સાથે મક્કમતાથી ઉભા છે.' અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુરુવારે રાત્રે 7:42 વાગ્યે વિમાન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો અને રડાર પરથી ગાયબ થઈ ગયું હતું, ત્યારબાદ શુક્રવારે વહેલી સવારે 1 વાગ્યે

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૬-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૨° સે. | ૧૯.૦° સે. | ૨૫% |

## હવે સંપૂર્ણ શરણાગતિ સિવાય ઈરાન સાથે કોઈ સમજૂતિ નહીંઃ ટ્રમ્પ

**આ સાથે** જ અમેરિકી પ્રમુખે અમેરિકાની ધરતી પર બદલાના હુમલામાં કેટલાકનાં મોત થાય તેવી ચેતવણી પણ ઉચ્ચારી

**વૉશિંગ્ટન, તા. 6:** અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષના સાતમા દિવસે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેર કર્યું હતું કે ઈરાન સાથે બિનશરતી શરણાગતિ સિવાય કોઈ સમજૂતી થશે નહીં.

ટ્રમ્પે ઉમેર્યું કે ઈરાનના આગામી નેતૃત્વને નક્કી કરવામાં વોશિંગ્ટનની ભૂમિકા હોવી જોઈએ અને દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના પુત્રનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

ટ્રમ્પે લખ્યું, ઈરાન સાથે બિનશરતી શરણાગતિ સિવાય કોઈ સોદો થશે નહીં. ત્યારબાદ, અને એક મહાન તથા સ્વીકાર્ય નેતાની પસંદગી પછી, અમે અમારા બહાદુર સાથીઓ અને ભાગીદારો સાથે મળીને ઈરાનને વિનાશના આરેથી પાછું લાવવા માટે અથાક પ્રયત્નો કરીશું, તેને આર્થિક રીતે પહેલા કરતા વધુ મોટું, બહેતર અને મજબૂત બનાવીશું. ટ્રમ્પે સંદેશના અંતે કહ્યું કે ઈરાનનું ભવિષ્ય ઉજ્જવળ હશે અને "મેક ઈરાન ગ્રેટ અગેઈન (MIGA)" સૂત્રનો ઉપયોગ કર્યો હતો. બીજી બાજુ ટ્રમ્પે કેટલાક ઈરાનીઓ બદલો લેવા માટે અમેરિકાની અંદર હુમલાઓ કરે તેવી પણ ચેતવણી ઉચ્ચારી હતી.

ટાઈમ મેગેઝિનને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યા અનુસાર, અમેરિકી પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે જો ઈરાન સાથે યુદ્ધ ચાલુ રહે તો અમેરિકાની ધરતી પર જવાબી હુમલાનો ડર રાખવો ખોટો નથી.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અમેરિકાના લોકોએ આ સંઘર્ષ સાથે જોડાયેલા ઘરેલું હુમલાઓ વિશે ચિંતા કરવી જોઈએ, ત્યારે ટ્રમ્પે ટાઈમને કહ્યું, મને લાગે છે કે હા. ટ્રમ્પે વધુમાં ઉમેર્યું હતું કે અમે તેના માટે આયોજન કરીએ છીએ. પરંતુ હા, તમે જાણો છો, અમે કેટલીક બાબતોની અપેક્ષા રાખીએ છીએ. મેં કહ્યું તેમ, કેટલાક લોકો મૃત્યુ પામશે. જ્યારે તમે યુદ્ધમાં જાઓ છો, ત્યારે કેટલાક લોકો મૃત્યુ પામે છે.

## સરકારે એસ્મા લાગુ કર્યોઃ એલપીજી ઉત્પાદન વધારવા રિફાઈનરીઓને આદેશ

**અખાતી** યુદ્ધ વચ્ચે દેશમાં રાંધણગેસનો પુરવઠો ખોરવાય નહીં તે માટે આવશ્યક સેવા જાળવણી ધારા હેઠળની સત્તાનો ઉપયોગ કરાયો

**ઉત્પાદિત** એલપીજી માત્ર ઘરેલુ રસોઇના હેતુ માટે જ વેચવાનો રિફાઇનરીઓને આદેશ, ઉલ્લંઘન બદલ દંડાત્મક કાર્યવાહી



**નવી દિલ્હી, 6 :** મધ્ય પૂર્વમાં વકરી રહેલા સંઘર્ષને કારણે સર્જાઈ શકનારા સંભવિત અવરોધો સામે ઘરેલું રસોઈ ગેસની ઉપલબ્ધતા વધારવા માટે સરકારે તેની ખાસ કટોકટીની સત્તાઓનો ઉપયોગ કર્યો છે. સરકારે ઓઈલ રિફાઈનરીઓને એલપીજી (LPG) ઉત્પાદન વધારવા માટે નિર્દેશ આપ્યા છે.

ભારતે 2024-25માં 31.3 મિલિયન ટન એલપીજીનો વપરાશ કર્યો હતો, જેમાંથી માત્ર 12.8 મિલિયન ટનનું ઉત્પાદન દેશમાં થયું હતું, જ્યારે બાકીનો જથ્થો આયાત કરવામાં આવ્યો હતો. આયાત પરનું જોખમ વધી ગયું છે કારણ કે 85-90 ટકા આયાત સાઉદી અરેબિયા જેવા દેશોમાંથી થાય છે, જે પરિવહન માટે સાંકડી પરંતુ અત્યંત મહત્વપૂર્ણ હોર્મુઝની સામુદ્રધૂનિ પર નિર્ભર છે. એક સપ્તાહ પહેલા આ પ્રદેશમાં વધેલા તણાવ બાદ આ માર્ગ અસરકારક રીતે બ્લોક થઈ ગયો છે.

આ આદેશ આવશ્યક સેવા જાળવણી ધારો (જે સામાન્ય રીતે એસ્મા - ESMA તરીકે ઓળખાય છે) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને જારી કરવામાં આવ્યો છે. તેમાં રિફાઈનરીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ ઉત્પાદિત એલપીજી માત્ર ત્રણ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ - ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) ને જ ઉપલબ્ધ કરાવે. એલપીજી એ પ્રોપેન અને બ્યુટેનનું મિશ્રણ છે અને રિફાઈનરીઓને આ બે કેમિકલ્સનો ઉપયોગ પેટ્રોકેમિકલ્સ બનાવવા માટે કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આદેશમાં જણાવાયું છે કે, તમામ ઓઈલ રિફાઈનિંગ કંપનીઓ પેટ્રોકેમિકલ ઉત્પાદનો અથવા અન્ય ડેરિવેટિવ્ઝના ઉત્પાદન માટે પ્રોપેન અથવા બ્યુટેન સ્ટ્રીમનો ઉપયોગ કરી શકશે નહીં. આ રીતે ઉત્પાદિત એલપીજી માત્ર

...અનુસંધાન પાના 11 પર

આંધ્ર અને કર્ણાટક બન્યા દેશના પ્રથમ રાજ્યો

## બાળકો માટે સોશિયલ મીડિયા 'બેન'

**વય મર્યાદામાં** તફાવતઃ આંધ્રમાં ૧૩ વર્ષ, જ્યારે કર્ણાટકમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર પ્રતિબંધ




**અમરાવતી,બેંગલુરુ, તા. 6 (PTI):** આંધ્રપ્રદેશ અને કર્ણાટક શુક્રવારે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકનારા પ્રથમ બે ભારતીય રાજ્યો બન્યા છે, જો કે બંનેમાં વય મર્યાદા અલગ-અલગ છે. બાળકોમાં સોશિયલ મીડિયાના વ્યસનને રોકવા અને તેમને સુરક્ષિત રાખવાની વૈશ્વિક ચર્ચા વચ્ચે ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયાએ પણ આવા જ પ્રતિબંધો લાગુ કર્યા છે. જેના પછી બે ભારતીય રાજ્યોએ પણ આ પ્રતિબંધ મૂક્યા છે. આંધ્રપ્રદેશની TDP સંચાલિત NDA સરકારે જણાવ્યું કે 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ રહેશે, જ્યારે પડોશી રાજ્ય કર્ણાટકની કોંગ્રેસ સરકારે આ પ્રતિબંધ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે લાગુ કર્યો છે. આંધ્રપ્રદેશ વિધાનસભાને સંબોધતા મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે તેઓ 13 થી 16

...અનુસંધાન પાના 11 પર

## ક્રૂડના ભાવ બમણા થઈ શકે તેવી કતારની ચેતવણી

**કતારના** ઉર્જા મંત્રીએ ચેતવણી આપી કે ક્રૂડ ઓઇલના ભાવ વધીને બેરલ દીઠ ૧૫૦ ડોલર થઇ શકે



**દોહા, તા. 6 :** કતારના ઉર્જા મંત્રીએ ચેતવણી આપી છે કે ક્રૂડ ઓઈલના એક બેરલની કિંમત બમણી થઈને 150 ડોલરથી વધુ થઈ શકે છે, જે વૈશ્વિક અર્થતંત્રોને નીચે તરફ ખેંચી જશે. મંત્રી સાદ અલ-કાબી કહે છે કે મધ્ય પૂર્વના સંઘર્ષના પરિણામે નવું ઉર્જા સંકટ ઊભું થઈ શકે છે. હાલમાં, ખનિજ તેલ લગભગ 89 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું

...અનુસંધાન પાના 11 પર